## તા.૧૫/૧૨/૨૦૨૧ થી ૧૬/૧૨/૨૦૨૧ - નહેરુ યુવા કેન્દ્ર ખેરગામ તથા નવસારી આયોજિત વકતૃત્વ સ્પર્ધા














રાષ્ટ્રીય સેવા યોજનાના ભાગરૂપ નહેરુ યુવાકેન્દ્રમાં પ્રવૃત્તિમય સ્વયંસેવકો તથા આચાર્યશ્રી, પ્રોગ્રામ ઓફિસર અને અધ્યાપકો સહિત ગૃપ ફોટો અને અંતિમ ફોટોમાં વિજેતા થનાર સ્વયંસેવકોને નહેરુ યુવા કેન્દ્ર નવસારી દ્વારા સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા.

## તા.૧૬/૧૨/૨૦૨૧ - વ્યસન મુક્તિ કાર્યક્રમ






**આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે રાષ્ટ્રીય સેવા યોજના તથા સેવા સમુદાય ધારાના સંયુક્ત ઉપક્રમે યુવાનોને વ્યસન મુક્તિ અંગે જાગૃત કરવા આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું, જેમાં જિલ્લા તમાકું નિયંત્રણ સેલ તથા આરોગ્ય શાખા જિલ્લા પંચાયત નવસારીથી પધારેલા ટંડેલ બહેને વ્યસનથી થતા નુકશાન અંગે પી.પી.ટી. પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજણ આપી હતી.**

## તા.૧૫/૦૧/૨૦૨૨ થી તા.૨૬/૦૧/૨૦૨૨ - સ્ટેટ લેવલ આર.ડી.પરેડ
## ગીર સોમનાથ (પ્રભાસ પાટણ), ગુજરાત





સ્ટેટ લેવલ આર.ડી.પરેડમાં સિલેકશન પામેલ કૉલેજનો સ્વયંસેવક ચેતનકુમાર માધુભાઈ પટેલ કૉલેજના આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબ તથા પ્રોગ્રામ ઓફિસર સુનીલ જાદવ અને યોગેશ ટંડેલ સાથે તેમજ ગીર સોમનાથ પ્રભાસ પાટણ ખાતે તેઓનો ગ્રુપ ફોટોગ્રાફ્સ.

# સ્ટેટ લેવલ આર.ડી.પરેડ ગીર સોમનાથ (પ્રભાસ પાટણ), ગુજરાત














સ્ટેટ લેવલ આર.ડી.પરેડ ગીર સોમનાથ (પ્રભાસ પાટણ)ખાતે કેમ્પમાં પરેડ કરતો રાષ્ટ્રીય સેવા યોજનાનો સ્વયંસેવક લીડર ચેતનકુમાર માધુભાઈ પટેલ.

## સ્ટેટ લેવલ આર.ડી.પરેડ ગીર સોમનાથ (પ્રભાસ પાટણ), ગુજરાત








**સ્ટેટ લેવલ આર.ડી.પરેડ ગીર સોમનાથ (પ્રભાસ પાટણ)ખાતે કેમ્પમાં પરેડ તથા અન્ય પ્રવૃત્તિઓ કરનાર રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક ચેતનકુમાર માધુભાઈ પટેલનો ગૃપ ફોટોગ્રાફ્સ.**

## વૃક્ષોનું જતન તથા પર્યાવરણની જાળવણી કરતો એન.એસ.એસ. સ્વયંસેવક









**કૉલેજના અન્ય સ્વયંસેવકો સાથે હળીમળીને સેવા બજાવનાર તથા વૃક્ષોના થડને ગેરૂ અને ચૂનાનું રંગકામ કરી પર્યાવરણની જાણવણી કરતો કૉલેજનો બેસ્ટ સ્વયંસેવક ચેતનકુમાર માધુભાઈ પટેલ.**

## તા.૦૫/૦૧/૨૦૨૨ થી ૧૧/૦૧/૨૦૨૨ - વાર્ષિક ખાસ શિબિર માંડવખડક












રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત નવસારી જીલ્લાના ચીખલી તાલુકાના માંડવખડક ખાતે "આઝાદી કા અમૃત મહોત્સવ : એક કદમ પ્રાકૃતિક ખેતી, પર્યાવરણ જનજાગૃતિ શિબિર"નાં ઉદ્દેશ સાથે વાર્ષિક ખાસ શિબિરનું આયોજનમુખ્ય પ્રાથમિક શાળાના પટાંગણમાં કરાયું હતું, જેમાં સક્રિય રીતે ભાગ લેવાની તૈયારી દર્શાવનાર સ્વયંસેવકોને પ્રસંગોચિત વાસણની સાફ-સફાઈ કરાવતા અને દિશા-સૂચન કરતા આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબ તથા તેઓનો સ્વયંસેવકો સાથે ગૃપ ફોટો.

## તા.૦૫/૦૧/૨૦૨૨ - કુમ-કુમ તિલક કરી વાર્ષિક ખાસ શિબિર માંડવખડક ખાતે પ્રસ્થાન કરાવતા આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબ












કુમ-કુમ તિલક કરી વાર્ષિક ખાસ શિબિર માંડવખડક ખાતે પ્રસ્થાન કરાવતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબ તથા રવાના થઇ રહેલ એન.એસ.એસ.ના સ્વયંસેવકો સાથે કૉલેજના આચાર્યશ્રી, પ્રોગ્રામ ઓફિસરો તથા સ્ટાફગણ સહિત ગૃપ ફોટોગ્રાફ.

## તા.૦૬/૦૧/૨૦૨૨ - માંડવખડક ખાતે વાર્ષિક ખાસ શિબિરનું ઉદ્‌ઘાટનકરાવતા આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબ













માંડવખડક ખાતે વાર્ષિક ખાસ શિબિરનું ઉદ્‌ઘાટન કરાવતા આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબ અને અન્ય મહેમાનશ્રીઓના વરદહસ્તે દીપપ્રાગટ્ય.

# તા.૦૬/૦૧/૨૦૨૨ - માંડવખડક વાર્ષિક ખાસ શિબિરમાં મહેમાનોનું સ્વાગત








વાર્ષિક ખાસ શિબિર માંડવખડક ખાતે પધારેલ મહેમાનોનું સ્વાગત કરતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ, અધ્યાપકો તથા સ્વયંસેવકો.